રાજભવન, ગાંધીનગર.
તા. ૦૭/૦૫/૨૦૧૫

## રેડક્રોસના માનવીય કાર્યોમાં રાજયના નાગરિકોને સહયોગી બનવા આહ્વાન કરતા રાજયપાલશ્રી

### વિશ્વ રેડક્રોસ દિનની પૂર્વ સંઘ્યાએ શ્રી ઓ. પી. કોહલીનો રાજયની પ્રજાજોગ સંદેશ

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ રેડક્રોસના માનવતાવાદી સેવા કાર્યોમાં રાજયના સૌં નાગરિકોને સહયોગી બનવા આહ્વાન કર્યુ હતું.

રાજયપાલશ્રીએ વિશ્વ રેડક્રોસ દિનની પૂર્વ સંઘ્યાએ રાજયના નાગરિકો જોગ વાયુ સંદેશમાં જણાવ્યું હતું કે પ્રતિ વર્ષ ૮મી મેના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય રેડક્રોસ દિવસ મનાવવામાં આવે છે, જે રેડક્રોસ આંદોલનના સંસ્થાપક સર હેનરી ડુનાન્ટનો જન્મ દિવસ છે. આ વર્ષે વિશ્વ રેડક્રોસ / રેડક્રિસેન્ટ દિવસની વિષય વસ્તુ " માનવતાની શકિત : મૌલિક સિઘ્ધાંત કાર્યવાહી માં" નકકી કરાઈ છે.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે વિશ્વભરમાં રેડક્રોસ કાર્યકર્તાઓ અને સ્વયં સેવકો પ્રાકૃતિક આપદા, મહામારી, સંઘર્ષ અને હિંસાથી પીડિત લોકોની સહાયતામાં સક્રિય છે. તેઓ લોકોમાં નિવારણાત્મક કાર્યવાહી અને જાગૃતિ જગાવવા માટે પ્રચાર – પ્રસાર કરી રહયા છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી જેની સ્થાપના ૧૯૨૯માં થઈ હતી તે હમેશાં નબળાં–પીડિત લોકો માટે માનવીય સેવાકાર્યો કરવામાં અગ્રસ્થાને રહી છે, તેમ જણાવી રાજયપાલશ્રીએ કહયું હતું કે ગુજરાત રેડક્રોસ પણ રાજયના જુદા–જુદા સ્થળો પર સ્વૈચ્છિક રકતદાન, ચક્ષુદાન, ક્ષયરોગ નિયંત્રણ કાર્યક્રમ, આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટર, ફિઝીયોથેરાપી કેન્દ્ર, ઔષધાલય, પ્રયોગશાળા વગેરેનું સંચાલન જેવી ઉપયોગી સેવાઓ પુરી પાડે છે.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે રેડક્રોસ ધ્વારા થેલેસેમિયા અને સિકલસેલ એનેમિયાના નિવારણ માટેના પોતાના લક્ષ્ય તરફ સફળતાપૂર્વક આગળ વધી રહી છે. અત્યાર સુધી ૧૨ લાખ કોલેજોના વિદ્યાર્થીઓની થેલેસેમિયા અને ૧૦ લાખ વિદ્યાર્થીઓની સિકલસેલ એનેમિયા નિવારણ કાર્યક્રમ હેઠળ તપાસ થઈ ચુકી છે અને જન્મપૂર્વ નિદાન ધ્વારા ગુજરાત રેડક્રોસે ૧૩૦ જેટલા થેલેસેમિયા બાળકોને જન્મતાં બચાવાયા છે. તન્તી ફાઉન્ડેશન ધ્વારા સાત કરોડની સહાય ધ્વારા ગુજરાત રેડક્રોસે "વરિષ્ઠ નાગરિક ઘર"ની સ્થાપના પણ કરી છે, જેમાં ૩૫ જેટલા વરિષ્ઠજનો શાંતિપૂર્વક તેમનું જીવન વ્યતીત કરી રહયા છે.

તેમણે આશા વ્યકત કરી હતી કે તમામ રેડક્રોસ કાર્યકર્તા અને સ્વયં – સેવકો રેડક્રોસના મૌલિક સિધ્ધાંતો વિશે જન સાધારણ સુધી જાગૃતિ લાવવાની અગત્યની ભૂમિકા નિભાવશે અને સાથે સાથે ગરીબ અને નબળા વર્ગોના લોકોના કલ્યાણના કાર્યોમાં પોતાનું યોગદાન આપતા રહેશે.

---

પ્રેસ સચિવ